સાહસિક મનુષ્યની પહેલી ઓળખ એ કે એ સદાય નિશ્ચિંત હોય છે
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૦૭ | ૧૭ જાન્યુઆરી, ૨૦૧૩, ગુરૂવાર; પોષ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગુણોત્સવમાં ગાંધીનગરનો નવમો ક્રમ

## જિલ્લાની ૩૭ શાળાઓએ એ ગ્રેડ મેળવ્યો જ્યારે ૧૧૪ શાળાઓએ બી ગ્રેડ મેળવ્યો : પરિણામમાં જિલ્લાની મોટી છલાંગથી સમગ્ર શિક્ષણ જગતમાં આનંદ

ગાંધીનગર, તા. ૧૬

ગુણોત્સવ-૨૦૧૨ના મૂલ્યાંકનમાં ગાંધીનગર જિલ્લાએ નવમુ સ્થાન રાજ્યકક્ષાએ મેળવી અને એક અનોખી સિદ્ધિ મેળવી છે. ૧૯મા ક્રમેથી આગળ વધીને જિલ્લાએ નવમુ સ્થાન પ્રાપ્ત કરતાં જિલ્લાના શિક્ષણ જગતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પરિણામની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. શિક્ષણ વિભાગે ગુણોત્સવના પરિણામને પાંચ ભાગમાં વિભાજીત કર્યું છે. જેમાં રાજ્યના શ્રેષ્ઠ સાત તાલુકા, દસ શ્રેષ્ઠ શાળાઓ, ૧૫ શિક્ષકો દરેક તાલુકાની પાંચ શ્રેષ્ઠ શાળા અને પાંચ શ્રેષ્ઠ શિક્ષકો એમ અલગ-અલગ દર્શાવ્યા છે.

આજે જાહેર કરાયેલ પરિણામમાં જિલ્લાના ૨૫ શિક્ષકોને તેમના શિક્ષણકાર્ય માટે એ-૧ ગ્રેડ ૧૭૪ શિક્ષકોને એ ગ્રેડ, ૫૨૦ શિક્ષકોને બી ગ્રેડ, ૨૪૦ શિક્ષકોને સી ગ્રેડ આપવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાની એક પણ શાળા એ-૧ ગ્રેડ નથી મેળવી શકી પરંતુ એ ગ્રેડ મેળવતી શાળા-૩૭ છે જ્યારે બી ગ્રેડ ૧૧૪ શાળાઓએ મેળવ્યો છે. ૨૪ શાળાઓએ સી ગ્રેડ અને ૪ શાળાઓએ ડી ગ્રેડ મેળવ્યો છે.

જિલ્લામાં ગુણોત્સવનું મૂલ્યાંકન બે તબક્કે કરવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કે શિક્ષકો દ્વારા જ સ્વમૂલ્યાંકન કરી તેની એન્ટ્રી કરવામાં આવી હતી જ્યારે બીજા તબક્કામાં જિલ્લાભરમાં અધિકારીઓએ પ્રવાસ કરી ૧૮૦ જેટલી શાળાઓની ચકાસણી કરી હતી.

આ બન્ને પરિણામોને આધારે જિલ્લાનું પરિણામ નિયત કરવામાં આવ્યું હોવાનું શિક્ષણ વિભાગના

● અનુસંધાન પાન-૭ પર

### માણસાના બોરૂ ગામ અને સે. ૨૦ની પ્રાથમિક શાળાના ૧૦૦ બાળકોને લેપટોપથી શિક્ષણ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની બે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીનું શિક્ષણ કોમ્પ્યુટરથી આપવામાં આવશે.

જિલ્લાના માણસા તાલુકાની બોરૂ પ્રાથમિક શાળા અને ગાંધીનગર શહેરની સેક્ટર-૨૦ની પ્રાથમિક શાળા નં. ૧ ના ૧૦૦ બાળકોને ઈન્ટેલ કંપની દ્વારા આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૦૦ જેટલા લેપટોપ આપવામાં આવ્યા છે.

આ બન્ને શાળાની પસંદગી ઈન્ટેલ કંપની દ્વારા એજ્યુકેશન એક્સપાન્સન્ પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવી છે. બાળકોને તેમજ શિક્ષકોને આ લેપટોપના ઉપીયોગ અને અન્ય બાબતોની ખાસ તાલિમ પણ ઈન્ટેલ સંસ્થા દ્વારા આપવામાં આવી છે.

### જિલ્લાની પ્રથમ સ્પોર્ટસ સ્કૂલ સરઢવ ખાતે શરૂ કરવામાં આવશે

**આગામી શૈક્ષણિક સત્રથી આ શાળા કાર્યરત કરી દેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની પ્રથમ સ્પોર્ટસ સ્કૂલ સરઢવ ખાતે શરૂ કરવામાં આવશે. આ સ્પોર્ટસ સ્કૂલ આગામી શૈક્ષણિક સત્રથી શરૂ થાય તે દિશામાં કાર્યવાહી ઝડપથી આગળ વધી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ માટે દરેક રમતના મેદાન આ શાળામાં ઉપલબ્ધ બનશે એટલુ જ નહિ આ માટે જરૂરી તાલિમ પણ નિષ્ણાત શિક્ષકો દ્વારા બાળકોને આપવામાં આવશે. જિલ્લાની સ્પોર્ટસ મીટમાં સરઢવના બાળકોના નોંધનીય દેખાવને ધ્યાને રાખી આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટેની દરખાસ્ત પણ રાજ્ય સરકારને કરી દેવામાં આવી છે.

સરઢવમાં રમતના મેદાન માટે વિશાળ જગ્યાનું દાન પણ મળેલ છે અને ત્યાં આ માટેની જરૂરી વ્યવસ્થાઓ પણ ઉપલબ્ધ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં સ્માર્ટ સ્કૂલ અને ગ્રીન સ્કૂલ બાદ એક સ્પોર્ટસ સ્કૂલ પણ બનતાં જિલ્લામાં શિક્ષણના વિકાસને નવો વેગ મળશે. સ્માર્ટ સ્કૂલ જમિયતપુરા ખાતે જે હાલ છે તેનું લોકાર્પણ પણ ચાલુ માસમાં જ થનાર છે જ્યારે ગ્રીન સ્કૂલ દહેગામ તાલુકાના આંત્રોલી ગામે છે.

### પ્રા. શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે 'બાલા' અને 'પ્રજ્ઞા' પ્રોજેક્ટ અમલમાં મુકાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં પ્રા. શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે બાલા પ્રોજેક્ટ અને પ્રજ્ઞા પ્રોજેક્ટ એમ બે પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યા છે.

હાલ પ્રજ્ઞા પ્રોજેક્ટ તળે ૮૦ જેટલી પ્રા. શાળા અને બાલા પ્રોજેક્ટ અંતર્ગત ૫૦ જેટલી પ્રા. શાળા આવરી લેવામાં આવી છે. આ શાળાઓની સંખ્યા આગામી શૈક્ષણિક સત્રમાં ત્રણ ગણી કરવાનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે આ પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરીના અભ્યાસ માટે રાષ્ટ્રીય સ્તરની એક ટીમ પણ જિલ્લાના પ્રવાસે છે. આ ટીમે આજે ૨૦થી પણ વધુ શાળાની મુલાકાત લીધી છે.




શહેરમાંથી નીકળતા ઘન કચરાનો નિકાલ સે-૩૦ સર્કલ નજીકથી પસાર થતી સાબરમતી નદીના કાંઠે કરવામાં આવે છે. ડમ્પીંગ સાઈટ ન હોવા છતાં ગેરકાયદેસર રીતે તે સ્થળે ઠાલવવામાં આવતા ઘન કચરાને પર્યાવરણના નિયમોનો ભંગ કરીને સરેઆમ દરરોજ સળગાવવામાં આવે છે. શહેરભરના ઘનકચરાનો નદી કાંઠે કરવામાં આવતા નિકાલ બાદ તે જ સ્થળે સળગાવવામાં આવતા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડતા ધુમાડાના ગોટે ગોટા ઉડે છે. સળગાવવામાં આવેલા કચરાના ધુમાડા શહેરના ખુણાના સેકટરો સુધી પણ દેખાય તેટલા પ્રમાણમાં ઉડતા શહેરીજનો માટે આરોગ્યના બાબતે જોખમી તેવો આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. **(તસવીર : દિપક જાની)**

# મેયર સામે પક્ષાંતર ધારા અન્વયે પગલાં લેવાની રીટ ફગાવી દેવાઈ

## કોંગ્રેસ આગેવાનો હવે આ નિર્ણય સામે વડી અદાલતના દ્વાર ખટખટાવશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ ભાજપમાં જોડાવાની કરેલી જાહેરાતના પગલે કોંગ્રેસ પક્ષે કરેલી અરજીને સત્તાધિકારી દ્વારા ફગાવી દેવામાં આવી છે અને જણાવ્યું છે કે આ સત્તા મર્યાદા બહારની બાબત છે.

મેયર સામે પક્ષાંતર વિરોધી ધારો ૧૯૮૬ની કલમ ૩, ૪ અને ૫ અનુસાર પગલાં લેવા માટે કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા અને શહેર પ્રમુખ શ્રી મુકેશ પટેલે રાજ્યના મ્યુનિ. સચિવની કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીને ફગાવી દેવામાં આવી છે તેની જાણ અરજદારોને પણ કરી દેવાતાં કોંગ્રેસ



પક્ષની હાલત કફોડી બની છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી મુકેશ પટેલ અને શ્રી ચીમન વિંઝુડાને પુછતાં તેમણે જણાવ્યુ હતુ કે રાજકીય કિન્નાખોરી રાખી કુદરતી ન્યાય વિરૂદ્ધ આ નિર્ણય સેવામાં આવ્યો છે. હવે અમે આ મામલે વડી અદાલતમાં જઈશુ.

આ બન્ને આગેવાનોએ જણાવ્યુ હતુ કે આ માટે અમારો કાનૂનવિદો સાથે સતત સંપર્ક છે અને એકાદ-બે દિવસમાં જ રાજ્યની વડી અદાલતમાં આ અરજી દાખલ કરી દેવામાં આવશે.

ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ તેમના બે સાથીઓ સાથે વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વેજ કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાવાની જાહેરાત કરી હતી.

કોંગ્રેસ પક્ષના આગેવાનોએ જણાવ્યું છે કે અમને કોઈ રૂબરૂ સાંભળવાની તક પણ આપવામાં આવી નથી. એ જ બતાવે છે કે આ નિર્ણય કિન્નાખોરીપૂર્વક લેવામાં આવ્યો છે.



# ૨૦મી બાદ પુનઃ ઠંડીનો ચમકારો થરથર ધ્રુજાવશે

ગાંધીનગર, તા.૧૬

છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીમાં રાહત મેળવતા વસાહતીઓ પુનઃ કાતિલ ઠંડીનો અનુભવ કરશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. ૨૦મી પછી ઠંડીનો બીજો રાઉન્ડ આવશે. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે પહોંચી જવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

હાલમાં લઘુત્તમ તાપમાન સામાન્યની આસપાસ ફરી રહ્યું છે. લઘુત્તમ તાપમાન ૧૨-૧૩ ડિગ્રીની આસપાસ હોઈ ઠંડીથી વસાહતીઓને ખૂબ મોટી રાહત મળી છે. પરંતુ આ રાહત વધુ દિવસો સુધી રહેશે નહીં કારણ કે ૨૦મી જાન્યુઆરી પછી પુનઃ ઠંડી વધવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. હવામાન વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર તા. ૧૬ થી ૧૮ દરમિયાન જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે હિમવર્ષા થશે.

સમગ્ર ઉત્તર ભારત ફરી ઠંડુગાર બની જશે જેની અસર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૨૦મી પછી થશે. ફરીથી ઠંડીનો જોરદાર રાઉન્ડ આવશે અને પારો ૧૦ ડીગ્રીથી નીચે ચાલ્યો જશે. હાલમાં લઘુત્તમ તાપમાન નોર્મલ છે પરંતુ ભેજના કારણે વહેલી સવારે ઝાકળ જોવા મળે છે. ઝાકળ વર્ષાને લીધે વહેલી સવારે થોડીક ઠંડક અનુભવાય છે પરંતુ જેમ જેમ સુર્ય ઉંચો ચઢતો જાય છે તેમ તેમ ઠંડી ગાયબ થઈ જાય છે.

વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસર હેઠળ ઉત્તર ભારતના રાજયોમાં છુટોછવાયો વરસાદ પડવાની પણ સંભાવના છે. પહાડી વિસ્તારોમાં બરફ વર્ષાની માત્રા આ વખતે વધુ રહેશે.

# અનાજ ઉત્પાદન ક્ષેત્રે ભારત સરકારનો કૃષિ કમાન્ડેશન એવોર્ડ જીતતું ગુજરાત

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત સરકારનો અનાજ ઉત્પાદન ક્ષેત્રે ઉત્તમ પ્રોત્સાહન પુરસ્કાર કૃષિ કમાન્ડેશન એવોર્ડ ગુજરાતને પ્રાપ્ત થયો તેનું ગૌરવ મેળવવા માટે યશભાગી રાજ્યના કિસાનો અને કૃષિવિભાગને હાર્દિક અભિનંદન આપ્યા છે. ગુજરાતે ૨૦૧૦-૧૧માં અનાજનું વિક્રમસર્જક ૧૦૦.૦૭ લાખ ટન ઉત્પાદન કર્યું હતું.

આજે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં કૃષિમંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયાએ તેમણે ભારતના રાષ્ટ્રપતિશ્રી ડો. પ્રણવ મુખરજી અને કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શરદ પવારના હસ્તે કૃષિ કમાન્ડેશન એવોર્ડ પ્રાપ્ત કર્યો તેની રૂપરેખા આપી હતી.

કૃષિ કર્મણ અને કૃષિ કમાન્ડેશન એવોર્ડ ૨૦૧૧-૧૨માં અગાઉના સૌથી સારાં વર્ષો કરતાં વધુ અનાજ ઉત્પાદન કરતાં રાજ્યોને અપાય છે અને આ શ્રેણીના સાત એવોર્ડમાં રૂા. ૨૫ લાખનો કૃષિ કમાન્ડેશન એવોર્ડ ગુજરાતે જીત્યો છે.

ગુજરાત જેવા રાજયમાં સામાન્ય રીતે વાણિજ્યક અને રોકડીયા પાકોનું ઉત્પાદન- વાવેતર વધારે થાય છે અને છેલ્લા એક દશકમાં મુખ્યમંત્રીશ્રીએ કૃષિ મહોત્સવ અને જળસંચયના અભિયાનો સફળતાથી પ્રેરિત કરતાં ખાદ્યાન્ન ઉત્પાદન ક્ષેત્રે પણ ત્રણે ઋતુમાં લગભગ સરખું ઉત્પાદન મેળવવાની સિધ્ધિ ગુજરાતે હાંસલ કરી છે.

ગુજરાતમાં અનાજ પાકોની ઉત્પાદકતા ૨૦૦૧માં હેક્ટર દીઠ ૧૧૧૨ કિલોગ્રામ હતી તેમાં દશ વર્ષમાં ૭૫ ટકાનો વધારો થયો છે અને હાલ અનાજથી પાક ઉત્પાદન હેક્ટર દીઠ ૧૯૫૫ કીલોગ્રામ છે.

ગુજરાતમાં કુલ કૃષિ ઉત્પાદન ૨૦૦૧માં ૩૮.૫૯ લાખ હેક્ટર વાવેતરમાં ૪૨.૯૨ લાખ ટન હતું તે વધીને ૨૦૧૧-૧૨માં ૪૭.૩૪ લાખ હેક્ટરમાં ૯૨.૫૬ લાખ મે.ટન થયું છે જે ઉત્પાદનનો ૧૧૫ ટકા વધારો દર્શાવે છે.

ગુજરાતનો કૃષિ વિકાસદર લગાતાર સરેરાશ ૧૦ ટકાથી અધિક રહયો છે.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

